આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કર્ક

આજના ગ્રહોની કુંડળી



આજે બુધ કુંભ રાશિમાંથી મીન રાશિમાં જાય છે જે નીચનો થાય છે. મીનારક કમૂરતાં ચાલે છે. ચાંડાલ યોગ ચાલે છે. ઉપરોક્ત યોગોને કારણે શુભ કાર્યો વર્જ્ય શકે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ વ્યવસાયિક ક્ષેત્રે દસમા સ્થાન ઉપર સ્વગૃહી ચંદ્રની દ્રષ્ટિ હોઈ આપને સારી સફળતા મળશે. સંતાનો બાબત બહુ સારું સુખ મળી શકશે નહિ. (ચાંડાલ યોગ)ના કારણે - મિશ્રફળ મળે.

વૃષભ સાતમે સ્વગૃહી મંગળ - શનિની યુતિવાળો તમોને ફળ આપવા બાબત મુશ્કેલીઓ લાવી શકે છે - શનિ પ્રબળ છે જેથી સાતમા સ્થાનના જીવનસાથીના પ્રશ્નો પ્રબળ બનીને રહે - વિસંવાદિતા રહે.

મિથુન બીજે સ્વગૃહી ચંદ્ર અને છઠ્ઠે સ્વગૃહી મંગળ આપને ફાયદાકારક ગ્રહો છે. ત્રીજે ચાંડાલ યોગ આપની વાણીમાં અપશબ્દો લાવે માટે જાગ્રત અને સાવચેત રહીને વાણી પર કાબૂ રાખવો.

કર્ક સ્વગૃહી ચંદ્ર આપને કફ - શરદી - સળેખમ - ઉધરસ લાવી શકે છે - આદુ - સૂંઠનું સેવન કરવું. લોકપ્રિયતા મળે - તમારા મિત્ર વર્તુળમાં તમો આજે વધુ પ્રિય રહી શકો - દિવસ સારો જશે.

સિંહ રાશિમાં ચાંડાલ યોગ તમોને ક્રુર વિચારો વધુ લાવે - માટે ઈષ્ટદેવની ભક્તિ - પૂજા કરશો તો સંયમ રહેશે ને ગુસ્સા પર કાબૂ રહેશે. સાતમે શુક્ર વિલાસી બનાવે. દિવસ સારો જશે.

કન્યા સાતમે સૂર્ય બુધ - નીચના - તમારા જીવનસાથીની સાથે વાદવિદામાં અને તેઓ કહે તે સાચું એ જ સાબિત કરવામાં આખો દિવસ પસાર થશે. હા એ હા કરી દિવસ પસાર કરવો.

તુલા દસમે સ્વગૃહી ચંદ્ર તમોને આજે તમારા ક્ષેત્રમાં અણધાર્યા લાભો આપી જાય - અન્ય ગ્રહોની સ્થિતિ જોતાં સંતાનો તરફથી સુખ મળશે - તેઓ તમારી ઈચ્છા મુજબ વર્તશે.

વૃશ્ચિક સ્વગૃહી રાશિપતિ મંગળ - શનિની પ્રબળતાના કારણે તમોને જોઈતું સુખ આપી શકતો નથી. તંદુરસ્તી જળવાઈ રહેશે - વારંવાર ક્રોધિત ન થો તે તમારા હિતમાં છે.

ધન આઠમે સ્વગૃહી ચંદ્ર આજે તમોને શરદી - કફથી હેરાન કરશે - સૂંઠ - આદુનું સેવન કરવું. સાથળ - પગમાં દુઃખાવા કરે (ચાંડાલ યોગ) માટે ઈષ્ટદેવની ભક્તિ પૂજા કરવી.

મકર બીજે શુક્ર તમોને ધનલાભ કરાવે - ત્રીજે બુધ - નીચનો થયેલ છે જે વાણી ઉપરનો તમારો કાબૂ ગુમાવડાવે માટે અપશબ્દો બોલવા નહિં - અપશબ્દો બોલશો તો શત્રુઓ વધશે - સાવધ રહેશો.

કુંભ સાતમે ચાંડાલ યોગ અને રાશિમાં શુક્ર - કેતુની યુતિ તમોને આખા દિવસ દરમિયાન ન જોઈતા ખોટા ખર્ચાઓ કરાવ્યા કરશે - ફેશન પાછળ પણ ખર્ચા થાય - પત્ની ખર્ચ કરાવે.

મીન રાશિમાં સૂર્યના મીનારક કમૂરતાં ને બુધ નીચનો હોઈ તમારા માટે આગામી દસેક દિવસ સારા જાય તેમ નથી - સાવચેત રહેવું - ઈષ્ટદેવની ભક્તિ પૂજા કરવી.

ખોટુ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાનિક મુસ્લિમ નેતા ગુલામ પેસીમાન દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી છે. ઘણા લોકોનું કહેવું છે કે, ભાજપ અને એમઆઈએમ દ્વારા એક બીજા ઉપર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ભાજપને એમઆઈએમ જેવી મુસ્લિમ પાર્ટીની જરૂર દેખાઈ રહી છે. રાજ્યોમાં મતોના ધ્રૂવીકરણની જરૂર દેખાઈ રહી છે. આજ કારણસર આ પ્રકારથી હોબાળો થઈ રહ્યો છે.

ઘણા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ભારત અમારી માતૃભૂમિ છે. આની પ્રશંસા કરવામાં કંઈ ખોટું નથી. જો બંધારણમાં નાગરિકોને કોઈ કાયદાની વાત કરાઈ ન હોય તો પણ માતૃભૂમિને સલામ કરવાની બાબત અથવા તો તેની પ્રશંસા કરવાની બાબતમાં કંઈ ખોટું નથી. ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ મુંબઈના વડા પરવેઝ લકડાવાલાએ આજે આ મુજબની વાત કરી હતી. બીજીબાજુ ઓલ ઈન્ડિયા મિલ્લી કાઉન્સિલ (મહારાષ્ટ્ર) જનરલ સેક્રેટરી એમએ ખાલિદે કહ્યું છે કે, તેઓ તમામ ભારતીયોને ઉર્દૂ કવિ અલામા ઈકબાલની કવિતાની યાદ અપાવવા માંગે છે જેમાં કહેવામાં આવ્યું છે કે, નયા શિવાલાનો ઉલ્લેખ કરાયો છે. આ કવિતાને પથ્થર કી મુરતો મેં સમજા હૈ તુ ખુદા હે, ખાકે વતન કા મુઝકો હર ઝર્રા દેવતા હૈ. ઓવેસી અને પઠાણ બિનજરૂરીરીતે વિવાદ જગાવી રહ્યા છે.

હાઈવોલ્ટેજ જંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્ય તેટલી વહેલી તકે ભારતીય ટીમને આઉટ કરવાની નીતિ ઘડાઈ રહી છે. વિરાટ કોહલી પાકિસ્તાન સામે જોરદાર દેખાવ કરવા ઈચ્છુક છે. ધોની અને આફ્રિદી ઉપર પણ દબાણ રહેશે.એશિયા કપમાં પણ ભારત છવાઈ ગયુ હતુ. ભારતે હાલમાં ઓસ્ટ્રેલિયાને ટ્વેન્ટી-૨૦ મેચોમાં ૩-૦થી હાર આપી હતી. ઘરઆંગણે શ્રીલંકા સામે ૨-૧થી શ્રેણી પણ જીતી હતી. અમે હમેંશા પહેલા હારી ગયા બાદ વાપસી કરવા ઈચ્છુક નથી. આ મેચનું પ્રસારણ આવતીકાલે સાંજે સાત વાગ્યાથી કરવામાં આવશે. વિશ્વના ક્રિકેટ ચાહકોની નજર આ મેચ પર કેન્દ્રિત થઈ ગઈ છે. કારણ કે ભારત માટે આ મેચ કરો અથવા તો મરો સમાન છે. આ મેચમાં હાર થવાની સ્થિતીમાં ભારતને બહાર થઈ જવાની ફરજ પડશે. આવી સ્થિતીમાં આ મેચ કોઈ પણ કિંમતે ઉંચા અંતર સાથે ભારતને જીતવી જ પડશે.

ભારતીય ટીમ : ધોની, રવિચંદ્રન અશ્વિન, જસપ્રિત બુમરાહ, શિખર ધવન, હરભજન, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, ભુવનેશ્વર, પવન નેગી, આશિષ નેહરા, હાર્દિક પંડ્યા, પાર્થિવ પટેલ, અજાકિયા રહાણે, સુરેશ રૈના, રોહિત શર્મા, યુવરાજસિંહ, મોહમ્મદ સામી.

પાકિસ્તાન ટીમ : આફ્રિદી (કેપ્ટન), ખાલિફ લતીફ, શર્જીલ ખાન, ઈમાદ વસીમ, મોહમ્મદ હાફીઝ, મોહમ્મદ નવાઝ, શોએબ મલિક, સરફરાજ અહેમદ, અમર અકલમ, ઉમર અકમલ, અનવર અલી, મોહમ્મદ આમીર, મોહમ્મદ ઈરફાન, મોહમ્મદ સમી, વહાબ રીયાઝ

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ૧૫ દારૂના અડ્ડાઓ પર જનતા રેડ

અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોરસેના દ્વારા અરવલ્લી જિલ્લાના તમામ પોલીસસ્ટેશનમાં જિલ્લામાં ચાલતી દારૂની બદીને સત્વરે બંધ કરવા આવેદનપત્ર અપાયા હોવા છતા હપ્તારાજ દ્વારા જિલ્લાના દરેક ગ્રામ્ય વિસ્તારો અને શહેરોમાં વિદેશી દારૂ, દેશી દારૂની રેલમછેલ યથાવત રહેતા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા શુક્રવારે મોડાસા અને ભિલોડા તાલુકામાં ૧૫ સ્થળોએ દારૂ ગાળવાની ભઠ્ઠીઓ અને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ કરતા પોલીસતંત્રની પોલ ખુલી ગઈ હતી. અરવલ્લી જિલ્લાના ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજય ઠાકોર અને તમામ તાલુકાના ઠાકોર સેનાના પ્રમુખો અને કાર્યકરોએ પોલીસ સાથે રાખીને જનતા રેડ કરી હતી. જેમાં ગડાદર નજીક મહિલા બુટલેગર પાસેથી ૨૫ લીટર દેશી દારૂ ટીંટોઈ-લાલપુર, થોરીવાસ, ભીલોડા સહિતના અનેક વિસ્તારોમાં રેડ કરી દેશી દારૂ, વિદેશી દારૂ, દારૂ બનાવવા માટે વપરાતા સાધનો અને વોશ ઝડપી પાડ્યો હતો.

મેઘરજ ગ્રામ પંચાયતની ગ્રામ સભાના ઠરાવનો અમલ ન થતા લોકોમાં રોશની લાગણી

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મેઘરજ ગ્રામ પંચાયતમાં મેઘરજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ની વર્તણુંક સામે ગ્રામસભામાં ગામ લોકોએ પ્રશ્નો ઉઠાવતા ગત તા. ૨૭-૧-૨૦૧૬ના રોજની ગ્રામસભામાં પી.એસ.આઈ. ભાવનાબેન પટેલની જગ્યાએ અન્ય કોઈ પી.એસ.આઈ. ને મુકવા માટે સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જે બાબતે આજદિન સુધી આ ઠરાવનો અમલ ન થતા સરપંચ લક્ષ્મીબેન વણઝારાએ ઉચ્ચકક્ષાએ લેખિતમાં રજુઆત કરી કરી છે.

મળતી વિગત મુજબ તા. ૧૯-૧૨-૨૦૧૫ના રોજ લખનૌ સ્થિત કમલેશ તીવારીએ કરેલા ઉચ્ચારણોના વિરૂદ્ધમાં મેઘરજ ખાતે મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને મામલતદાર મેઘરજને મુસ્લિમ સમાજ દ્વારા આ બદલ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તે દરમ્યાન રેલીમાં ભાગ લઈ રહેલા લોકો સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન કરી ઉશ્કેરવાનો પ્રયત્ન આ પી.એસ.આઈ. દ્વારા કરવામાં આવ્યો હતો.

તે બાબતની ઉચ્ચકક્ષાએ રજુઆત પણ કરવામાં આવી હતી અને તેમને ૨૪-૧૨-૨૦૧૫ના રોજનું ઈદે મીલાદના જુલુસની રક્ષામાંથી હટાવી પણ લેવામાં આવ્યા હતા. હટાવી લેવાયાના ૨૦ દિવસ બાદ આ પી.એસ.આઈ.ને મેઘરજ પોલીસ સ્ટેશન ખાતે ફરીથી નિયુક્ત કરાયા હતા.

જેના સંદર્ભમાં મેઘરજ ગ્રામ પંચાયતની ૨૭-૧-૨૦૧૬ની ગ્રામસભામાં ગામને લગતા પ્રશ્નો અને નગરના પી.એસ.આઈ. ભાવનાબેન પટેલના વાણી અને વર્તન સામે અનેક જાતના પ્રશ્નો ઉઠ્યા હતા અને આ પી.એસ.આઈ.ની જગ્યાએ અન્ય કોઈ પી.એસ.આઈ.ને મુકવા માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસવડાને ભલામણ કરતો ઠરાવ પસાર કરવા ધારદાર રજૂઆતો આ ગ્રામસભામાં થયેલ જેના પગલે ગ્રામ સભામાં જ આ પી.એસ.આઈ. વિરદ્ધ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. પરંતુ આજદિન સુધી આ ઠરકાવના અનુસંધાને કોઈપણ પ્રકારના પગલા ન લેવાતા મેઘરજ મહિલા સરપંચ લક્ષ્મીબેન વણઝારાએ અરવલ્લી જિલ્લા પોલીસ વડા અને કલેક્ટરને લેખિતમાં જાણ કરેલ છે. અને જો ટુંક સમયમાં આ પી.એસ.આઈ.ની બદલી નહી થાય તો ગ્રામજનો ગુજરાતના મુખ્યમંત્રીને રૂબરૂ મળી રજુઆત કરશે તેવી ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી હતી.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ગ્રામસભામાં જે ઠરાવો થાય છે અને તે પ્રશ્નોનું નિરાકરણ થાય છે કે પછી કાગળ ઉપર જ રહે છે ? તેવા અનેક જાતના પ્રશ્નો પ્રજામાં ઉઠી રહ્યા છે.

પ્રાંતિજ ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી કરાઈ

પ્રાંતિજ ખાતે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ જ્ઞાનદિપ વિદ્યાવિહાર પ્રાથમિક શાળામાં ગ્રાહક જાગૃતિ યુવા અને વિદ્યાર્થી શિબિર યોજાઈ હતી. જેમાં ગ્રાહક સુરક્ષા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતમાં દર સાત વ્યક્તિએ એક ગાય છે

ગાંધીનગર, તા. ૧૮

ભારતની કમનસીબી એ છે કે ૧૯૪૭માં વસતિ ૪૫ કરોડ હતી ત્યારે ગૌવંશ ૧૦૦ કરોડ હતું આજે છેલ્લી ગણતરી પ્રમાણે વસતિ ૧૨૫ કરોડ છે ત્યારે ગૌવંસ ૧૯ કરોડનું રહ્યું છે.

છેલ્લા લાઈવસ્ટોક સેન્સસ ૨૦૧૨ના રીપોર્ટ મુજબ ભારતમાં ૨૦૦૭માં ૧૯.૯૦ કરોડનું કેટલ પોપ્યુલેશન હતું જે ૨૦૧૨માં ઘટીને ૧૯.૦૯ કરોડ રહ્યું છે. ગુજરાતના પડોશી રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં કેટલ પોપ્યુલેશન વધારે છે. ગુજરાતના એનિમલ હસબન્ડરી વિભાગના આંકડા પ્રમાણે રાજ્યમાં ડિસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ ગાયની વસતિ ૯૯૮૩૯૫૩ છે, એટલે કે ૭ ગુજરાતીએ એક ગાય છે, જે બાર વર્ષ પહેલા ૪ ગુજરાતીએ એક ગાય હતી.

૧૯૯૫માં ગુજરાતમાં કેશુભાઈ પટેલની સરકાર હતી ત્યારે રાજ્ય કેબિનેટમાં નિર્ણય લઈને તેમણે તમામ મંત્રીઓને તેમના સરકારી નિવાસે પ્રતિક તરીકે એક ગાય પાળવાનું ફરજીયાત બનાવ્યું હતું. પરંતુ તેમની સત્તા ગયા પછી આ નિર્ણયનું પાલન થતું નથી.

ગુજરાતમાં ભાજપની પ્રથમ સરકારમાં ૧૯૯૫માં મંત્રીઓ ગાય પાળતા હતા. પરંતુ આજે તે સમયના એક જ મંત્રી અને ભૂતપૂર્વ સીએમ સુરેશ મહેતા ગાય પાળે છે. બાકીના મંત્રીઓએ બંધ કર્યું છે.

ગુજરાત ગૌ સેવા આયોગના ચેરમેન વલ્લભ કથિરીયાને પુછતા તેમણે કહ્યું કે 'અમે કેબિનેટને ફરજ પાડી શકતા નથી. કારણ કે ટેકનિકલ રીતે ગાંધીનગરમાં મંત્રીના બંગલે ગાય પાળવી અઘરી છે.' જો કે મંત્રીઓ અને ધારાસભ્યો તેમના વતનના સ્થળે ગાય પાળતા હોય છે.

ભાજપના એક સમયના સિનિયર નેતા સુરેશ મહેતા ૧૯૯૫થી ૨૦૧૬ અત્યાર સુધી તેમના ઘરે ગાય પાળે છે અને તેનું ચોખ્ખુ દૂધ-છાશ ઉપયોગ કરે છે.

ગૌ રક્ષકોના મામલે વિધાનસભામાં ધમાલ

ગાંધીનગર, તા. ૧૮

ગાયને રાષ્ટ્રીય માતા તરીકે જાહેર કરવાની માંગણી સાથે રાજકોટમાં ૮ ગૌ ભક્તોએ કરેલા આત્મહત્યાના પ્રયાસનો ગંભીર પડઘો ગુજરાત વિધાનસભા ગૃહમાં પડ્યો હતો. વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ આ ઈસ્યુ અંગે ચર્ચા કરવાની માંગણી કરતાં શાસક પક્ષ બચાવની સ્થિતિમાં આવી ગયો હતો. બન્ને પક્ષે થયેલા ઉગ્ર સૂત્રોચ્ચાર વચ્ચે અધ્યક્ષ ગણપત વસાવાએ તેમનો નિર્ણય મુલત્વી રાખ્યો હતો.

ગુજરાત ગૌરક્ષા એકતા સમિતિના ૩૦૦ સભ્યોએ ગુરૂવારે રાજકોટ કલેક્ટર કચેરી પાસે ગાયને રાષ્ટ્રીય માતા જાહેર કરવાની માગણી તેજ બનાવી ૮ જેટલા ગૌભક્તોએ ઝેરી દવા પી લીધી હતી. જે પૈકી એકનું મોત થયું હતું. વિધાનસભામાં શુક્રવારે આ મુદ્દે વિપક્ષે સરકાર તરફથી પ્રતિક્રિયાની અપેક્ષા સાથે હોબાળો મચાવ્યો હતો.

કોંગ્રેસના દંડક બલવંતસિંહ રાજપૂતે પ્રશ્નોત્તરી બાદ ઝીરો અવર્સની માંગણી સાથે સંવેદનસીલ મુદ્દા ઉપર રાજકીય ચર્ચા નહી, ગૌરક્ષકોની સલામતી અંગે વ્યથા રજૂ કરવાનો આગ્રહ કર્યો હતો પરંતુ ગૃહમાં ઝીરો અવર્સની પ્રથા નહી હોવાથી અધ્યક્ષે ચર્ચાની અનુમતિ નહી આપતા કોંગ્રેસે ગૌ હત્યા બંધ કરો...ના નારા સાથે વોકઆઉટ કર્યો હતો. દરમ્યાન સરકાર તરફથી મંત્રી નીતિન પટેલે સહાનુભૂતિ વ્યક્ત કરતાં વિપક્ષના સભ્યો ગૃહમાં પાછા આવી ગયા હતા.

દરમ્યાન નીતિન પટેલે ગૃહમાં કહ્યું હતું કે ગૌ ભક્તોનો આ મુદ્દો અતિ ગંભીર છે તેની જાહેર નોટીસ પણ મળી છે. આ મુદ્દે આપણે ચર્ચા કરીશુ. મંત્રીના આ પ્રવચન દરમ્યાન કોંગ્રેસે ચર્ચાની માગણી સાથે ગૌ હત્યા બંધ કરોના નારા શરૂ કરતાં ભાજપના સભ્યોએ પણ ભારત માતા કી જયના પ્રતિ નારા લગાવ્યા હતા. જો કે અધ્યક્ષે બધાને સસ્પેન્ડ કરવાની ચિમકી આપતા મામલો થાળે પડ્યો હતો.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૩૨ ખનીજચોરીના કિસ્સા નોંધાયેલા છે.

તેમણે જણાવ્યુ છે કે સરકાર ખાણ-ખનીજની ચોરી અટકાવવા કટિબદ્ધ છે અને તે માટે સમયાંતરે તેમજ જ્યારે આ અંગે રજુઆત મળે ત્યારે સક્રિયતાથી કાર્યવાહી કરવામાં આવે છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૪માં ૨૮ ઈસમો પાસેથી રૂ. ૬૦.૩૮ લાખની વસુલાત કરેલ છે. જ્યારે ૨૦૧૫માં ૩૮ ઈસમો પાસેથી રૂ. ૧૦૯.૭૭ લાખની વસુલાત, ૧ ઈસમ પાસેથી રૂ. ૧૮.૨૭ લાખની વસુલાત માટેનો હૂકમ તથા ૩૯ સામે પોલીસ ફરિયાદ કરેલ છે.

ડૉ. તેજશ્રીબેન પટેલના એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ફ્લાઈંગ સ્કવોડ દ્વારા તા. ૨-૧-૧૪, તા. ૬-૫-૧૪, તા. ૨૦-૧૦-૧૪ અને ૧૯-૮-૧૫ દરમ્યાન દરોડા પાડી તપાસ હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૨૦૧૪માં ગાંધીનગરમાં રૂ. ૨૨.૫૪ લાખની ગેરરીતિ પકડાઈ હતી. જેમાં બિન અધિકૃત ખનન વહન તથા કરાર ખત શરતભંગની ગેરરીતિનો સમાવેશ થાય છે.

૨૦૧૫માં બિનઅધિકૃત ખનન-વહન તથા શરતભંગ કરારખતની રૂ. ૧.૫૧ લાખની ખનીજ ચોરી પકડાઈ છે.

● જિલ્લા આયોજનના કામો

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે જિલ્લામાં ૩૧-૧-૧૬ની સ્થિતિએ આયોજનના કામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આયોજન મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૧૪-૧૫માં ગાંધીનગરના ૩૨૧, દહેગામના ૫૯૭, માણસાના ૩૮૭ અને કલોલના ૩૪૦ કામો આયોજન મંડળમાં મંજૂર થયા હતા. જે પૈકી ગાંધીનગરના ૩૨૧, દહેગામના ૫૯૭, માણસાના ૩૮૭ અને કલોલના ૩૪૦ મળી ૧૬૪૫ કામોને પ્રાથમિક મંજૂરી અપાઈ હતી. આ પૈકી ૧૫૨૪ કામોને વહીવટી મંજૂરી અપાઈ હતી. જેમાં ગાંધીનગરના ૨૯૫, દહેગામના ૫૮૨, માણસાના ૩૬૯ અને કલોલના ૨૭૮ કામોનો સમાવેશ થાય છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૪-૧૫માં ૧૩૬૭ કામો પૂર્ણ થયા છે અને ૧૫૭ કામો બાકી છે. ૨૦૧૫-૧૬માં ૧૫૫૨ કામો મંજૂર કરાયેલ છે જે પૈકી ૧૪૨૯ કામોની વહીવટીય મંજૂરી આપેલ છે. આ પૈકી ૯૯૩ કામો પૂર્ણ થયા છે. જ્યારે ૪૩૬ કામો બાકી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે બાકી કામો સત્વરે પૂરા કરવા માટે તંત્રને સૂચના આપી છે અને તે પૂરા કરી દેવાશે. કુલ ૫૯૩ કામો બાકી છે તે માર્ચ સુધીમાં પૂર્ણ થાય તે જોવામાં આવશે.

● જિલ્લામાં રાજીવ ગાંધી ભવન

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે ગાંધીનગર જિલ્લામાં રાજીવગાંધી ભવનના મંજૂર કરાયેલ કામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૫૮ ગાંધી ભવનના કામોને મંજૂરી આપવામાં આવી છે.

જેમાં દહેગામ તાલુકામાં ૧૦, ગાંધીનગર તાલુકાના ૧૨ અને માણસા તાલુકાના ૩૬ ગામોનો સમાવેશ થાય છે.

૩૧-૧-૧૬ની સ્થિતિએ આ ૫૮ રાજીવ ગાંધી ભવનના કામો બનાવાવની બાકી હોવાનો સ્વીકાર પણ સરકારે કર્યો છે.

● જર્જરિત પંચાયત ઘર

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં જર્જરિત પંચાયત ઘર અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૩૩ ગામોમાં પંચાયત ઘર જર્જરિત હાલતમાં છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકાના ૬ ગામો, દહેગામના ૧૬ અને કલોલના ૧૧ ગામોમાં જર્જરિત પંચાયત ઘર આવેલા છે. આ જર્જરિત અને મકાન વિહોણી ગ્રામ પંચાયતના મકાનો બનાવાવનું આયોજન હોવાનું પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે.

● અને છેલ્લે...

કોંગીના શ્રીમતિ કામિનાબા રાઠોડે ગાંધીનગર જિલ્લામાં લીઝ ધારકો સામેની પોલીસ ફરિયાદ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ખાણ-ખનીજ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે પ્રિવેન્સ ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એક્ટ ૧૯૮૪ની જોગવાઈ હેઠળ પોલીસ ફરિયાદ કરાઈ નથી કે દંડ પણ વસુલ કરવામાં આવ્યો નથી.

જિલ્લામાં માનવ વિકાસ સૂચકાંકની વૃધ્ધિ માટે 'ડીશીસન મેકર્સ' તાલીમ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગતિશીલ ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી, ગાંધીનગર તથા જિલ્લા આયોજન કચેરી, ગાંધીનગરના ઉપક્રમે માનવ વિકાસ સૂચકાંકની વૃદ્ધિ માટે જિલ્લા કલેકટરશ્રી રવિશંકરના અધ્યક્ષસ્થાને અનેજિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીની ઉપસ્થિતિમાં જિલ્લાના અધિકારીઓનો ડીશીસન મેકર્સ તાલીમ વર્ગનુંઆયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં માનવ વિકાસ સૂચકાંકનો અહેવાલ તૈયાર થાય અને વસ્તીના તમામ વર્ગોમાં ખાસ કરીને વંચિતો અને ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે આર્થિક અને સામાજીક રીતે અર્થપૂર્ણ જીવન ધોરણ મેળવવા પાયાની જરૂરિયાતો પ્રાપ્ત થાય તેવા સક્રિય પ્રયાસો દ્વારા માનવ વિકાસ સૂચકાંકમાં વધારો કરવા જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભીમજીયાણીએ જણાવ્યું હતું કે ગતિશીલ ગુજરાત ફેઝ-૩ અન્વયે ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકા સ્તરે માનવ વિકાસ સંલગ્ન તાલીમ આપવાનું આયોજન કરીને કુલ ૨૨૧૮ તાલીમાર્થીઓને તાલીમ આપી ૧૦૦ ટકા તાલીમ પૂર્ણ કરવામાં આવી છે. રાજયમાં માન વિકાસ સૂચકાંક વૃદ્ધિ માટે ૧૫૦૦ જેટલા અધિકારીઓ અને ૧.૬૦ લાખ ગ્રામ્ય કક્ષાના કાર્યકર્તાઓને એપ્રિલ ૨૦૧૬ની ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં તાલીમ આપીને સક્રિય પ્રયાસો કર્યા છે.

ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી, ગાંધીનગરના નાયબ નિયામક શ્રી એસ.એસ. લેઉવાએ માનવ વિકાસ સૂચકાંકની વૃધ્ધિ માટે પ્રેઝન્ટેશન રજૂ કરીને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમ વર્ગમાં જિલ્લાના અને તાલુકા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

દરવાજાનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. ખેતીના સમય દરમ્યાન સમયસર ખેડૂતોને ખાતર મળી રહે તે માટે કેન્દ્ર સરકાર સાથે સઘન વાટાઘાટોના અંતે રાજ્યભરમાં ૫૦ સ્થાનો ઉપર ગોડાઉનોમાં આગોતરા ખાતરના સંગ્રહની વ્યવસ્થા દ્વારા ખેડૂતોને સહાયભૂત થવાના નિર્ણય પણ લેવાયો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ભૂતકાળમાં કોંગ્રેસના શાસન દરમ્યાન ખેડૂતો માટેના ખાતરનો બારોબાર વેપલો કરી નાખતા કૌભાંડીઓને પકડીને જેલ ભેગા કરવામાં આવ્યા છે. આગામી સમયમાં ઓર્ગેનિક ખેતીને ઉત્તેજન આપવા માટે તથા વોર્મી કોમ્પોસ્ટ ખાતરના ઉપયોગને વધારવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આગામી વર્ષમાં પણ ઓર્ગેનિક યુનિવર્સિટીની સ્થાપનાની જોગવાઈ બજેટમાં કરી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા આગામી ૩ વર્ષમાં ૧૦ હજાર કરોડ તથા આ વર્ષે તેમાંથી ૨૫૦૦ કરોડના ખર્ચ દ્વારા રાજ્યના તમામ ગામો તથા પરાઓને પાકા રસ્તાથી જોડી દેવા માટે રાજ્ય રકાર કૃતસંકલ્પ છે. ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોને અનુલક્ષીને કિસાનલક્ષી અનેક જળ યોજનાઓ તથા નિર્ણયો અંગે માહિતી આપી હતી.

પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે આ વર્ષના બજેટમાં ૮૮ હજાર કરોડ કરતા વધુ રૂપિયા કિસાનો માટે ફાળવ્યા છે. કોંગ્રેસે તેના શાસન દરમ્યાન ખેડૂતને ન તો વીજળી આપી, ન પાણી આપ્યું કે કૃષિ માટે ના કોઈ સંતોષજનક વ્યવસ્થા કરી. જ્યારે, ભાજપાએ છેલ્લા ૧૫ વર્ષના શાસનમાં ખેડૂતોને ૬,૩૨,૦૦૦ વીજ કનેકશન, ૭૮૧ સબ સ્ટેશન, ૧૬ હજાર કરોડ રૂપિયાની વીજ સબસીડી, ૪૨૦૦૦ પશુઓના કેમ્પ, ૧,૬૦,૦૦૦ પશુઓના ઓપરેશન તથા દૂધ ઉત્પાદન ૬૭ લાખથી વધારીને ૧૧૬ લાખ મેટ્રીક ટન સુધી પહોંચાડ્યુ છે.

આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે પણ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, નાનામાં નાનો ખેડૂત તથા પશુપાલકો સુખી થાય તેવું કિસાનલક્ષી બજેટ કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા આ નવર્ષે અપાયું છે. ગુજરાતની પ્રગતિના પાયામાં ગુજરાતનો ખેડૂત રહેલો છે.

દબાણો થયા છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણો દૂર કરવાની પ્રાથમિક જવ